## ચૂંટણી ચોતરેથી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાંજે સાડાચાર વાગે વીડિયો કોન્ફરન્સ દ્વારા ભાજપના મહિલા કાર્યકરોને સંબોધન કર્યું હતું.
- વડોદરામાં ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા ગુજરાત સરકારની ગાડીમાં પત્રકાર પરિષદ સ્થળે પહોંચતા કોંગ્રેસે આચારસંહિતાની ફરિયાદ કરી હતી.
- ગુજરાતના ખેડૂતોને આઠના બદલે દસ કલાક સિંચાઈ માટે વીજળી આપવા ચૂંટણીપંચની મંજૂરી.
- સુરતમાં રાજ બબ્બરે અમીત શાહને જૈન કહી વધુ એક બફાટ કર્યો.
- યુપીના સીએમ યોગીએ કહ્યુ કે ગુજરાત જીતવા નીકળેલી કોંગ્રેસે અમેઠી પણ ગુમાવી.
- હાર્દિક પટેલની રાજકોટની સભા અંગે ફંડની વિગતો તપાસવા કલેક્ટરનો આદેશ.
- પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ત્રણ ઉમેદવારોની સંપત્તિ ૧૦૦ કરોડથી ઉપર છે. જેમાં ઈન્દ્રનીલ રાજ્યગુરૂ ૧૪૧ કરોડ, સૌરભ પટેલ ૧૨૩ કરોડ અને ધનજીભાઈ પટેલ પાસે ૧૧૩ કરોડની સંપત્તિ છે.
- નર્મદા જિલ્લાના નાંદોદ ખાતે મુખ્યમંત્રીની સભા ખાતે શહિદ જવાનની પુત્રીની ટીંગાટોળી કરી અટકાયત કરાઈ.
- છોટા ઉદેપુરમાં રાજનાથસિંહની સભાસ્થળે ભાજપના નેતાઓને પ્રવેશવા બાબતે પોલીસ અધિકારીઓ સાથે રકઝક થઈ.
- અમીત શાહે મોડીરાત સુધી વડોદરાના ફાર્મહાઉસમાં રોકાઈ મધ્ય ઝોનના કાર્યકરો સાથે વિચારવિમર્શ કર્યો હતો.
- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે કોડીનાર અને માંગરોળમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા.
- બસપાના સુપ્રિમો માયાવતી પાંચમીએ રાજકોટ પહોંચશે.
- ગુજરાતમાં ભાજપે યુપીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપના વિજને આતશબાજીથી વધાવ્યો.

# ગુજરાતમાં ચૂંટણી 'ઠંડી', વાતાવરણ 'ગરમ' : કુરુક્ષેત્રમાં પણ 'ધર્મક્ષેત્ર' છે !

મહાભારતમાં કુરુક્ષેત્રના યુદ્ધમાં બાણાવળી અર્જુન પોતાના જ ભાઈ-ભાંડુઓને સામાપક્ષે




જોઈને વિષાદ અનુભવે છે અને ભગવાન શ્રીકૃષ્ણ ગીતાઉપદેશ મુજબ જ આ લડાઈને ધર્મ સાથે સરખાવે છે. 'યતો, ધર્મ સ્તતો જયઃ' આવું જ કૈક ગુજરાતની ચૂંટણીમાં થઈ રહ્યું છે. આ જે થઈ રહ્યું છે, તે પહેલી વખત જ નથી.

છેલ્લી ત્રણ-ત્રણ ચૂંટણીમાં આસ્થા અને ધર્મના આધારે મતદાતાઓને 'મર્મભેદી' રીતે પોતાની તરફ વાળવા હિન્દુત્વનો સહારો લેવાયો છે. રાજનીતિક પાર્ટીઓ પાસે મુદ્દાઓના હોવાના કારણે, ડિસેમ્બરના પહેલા સપ્તાહ સુધી કોઈ અસરકારક ઠંડી, ગુજરાતના વાતાવરણમાં અનુભવાતી નથી અને ચૂંટણીરૂપી ગરમીનો કબજો વાતાવરણે 'હાઈજેક' કરી લઈ, પરસેવા નીતરાવતી ગરમીનો અનુભવ કરાવે છે. વિધાનસભા ૨૦૦૨ અને ૨૦૦૭માં વિધાનસભા ચૂંટણીમાં જે પાયાના મુદ્દાઓ સ્પર્શતા હતા તેવા મુદ્દાઓ ૨૦૧૭માં દશ્યમાન નથી થયા. દરમિયાન, પ્રધાનમંત્રી મોદી સહિતના ભાજપાના ૪૦ જેટલા વરિષ્ઠ, આજે ગુજરાતમાં 'ભગવું' વાતાવરણ સર્જવા 'પરસેવો' વહાવી રહયા છે.

ગુજરાતમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીની દ્દષ્ટિએ, જીએસટી, નોટબંધી,બે-રોજગારી, કૃષિ અને ખેડૂતલક્ષી મુદ્દાઓ, આશાવર્કર બહેનોના અપૂરતા વેતન અને ખેડૂતોનું દેવું જેવા આર્થિક વિકાસના મુદ્દાના 'આયુધો' સજાવ્યા છે. આ મુદ્દાઓ થકી, રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીનું 'વિકાસ' મોડલ' પોલું છે એટલે વાગે છે' સાબિત કરી રહયા છે. તદુપરાંત, મનરેગામાં ૩૫, હજાર કરોડ કોંગ્રેસ આપતી હતી અને ભાજપ સરકારે ટાટા-નેનો પ્રોજેક્ટ માટે ૩૩ હજાર કરોડ ફાળવી દીધા એ મતલબના કોંગ્રેસના આક્ષેપો પુરવાર કરે છે કે, તેઓ અર્થતંત્રને કે આર્થિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ચૂંટણી લડી રહ્યા છે અને ભાજપ સરકારની ૨૨ વર્ષની એન્ટિ ઈન્કમબન્સીનો લાભ ઉઠાવવા માગે છે.

બીજી તરફ, હાર્દિક પટેલ, જીગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર જેવા યુવા નેતાઓના સહારે કોંગ્રેસને 'સંજીવની' અનુભવાઈ રહી છે અને કોંગ્રેસ પણ માને છે કે, રેલીઓમાં ઉમટતી ભીડ એ મતની 'ધોતક' નથી જ નથી.

વાત ભારતીય જનતા પાર્ટીની. છેલ્લા ૨૨ વર્ષથી ગતિ અને પ્રગતિશીલ સરકારના રથના પૈડે ચાલતી આ પાર્ટીએ મોદીના ગુજરાતગમન પછી, 'સરકાર પરની સાડાસાતી' અનુભવી લીધી છે અને એ અનુભવથી જ 'પાટીદાર-



ઓબીસી અને દલિત સેનાની' અગનજવાળાઓ એ રાજનીતિને એવી ઝાળ લગાડી કે, સરકાર દિગ્મૂઢ થઈ ગઈ. વાક-શ્રવણતંત્ર મૂક-બધીરની ભૂમિકામાં અનુભવાયા.

૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ફરી હિંદુત્વને ઉજાગર કરવા પ્રયત્ન થયા રાહુલ ગાંધી ના સોમનાથ દર્શન અને રજીસ્ટર નોંધણીનો વિવાદ ભલે ભાજપ માટે મુદ્દો' રહ્યો.પણ ધારી અસરકારતાથી ઘણો વેગળો અનુભવાયો છે.આમ, ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં 'ધર્મ'ને 'ધ્વજ' બનાવી, સાંપ્રત સ્થિતિ-પરિસ્થિતિ સહિતના મુદ્દાઓને હડસેલી, રણમેદાનમાં નરબંકાઓ સજ્જ છે. ત્યારે એ જોવું રસપ્રદ રહેશે કે, ધર્મ -જાતિ-સમાજ અને જમીની હકીકત કોને નડશે કે કોને ફળશે ? વિશ્લેષકો પણ ૧૮મીના પરિણામ સુધીમાં પોતાની કલમને ધાર કાઢી રહયા છે.

## પ્રથમ તબક્કાના ૯૨૩ ઉમેદવારોમાંથી ૧૩૭ ઉમેદવારો સામે ફોજદારી કેસ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના ઉમેદવારોની માહિતી જાહેર કરવામાં આવી છે, જેમાં ૯૨૩ ઉમેદવારોમાંથી ૧૩૭ ઉમેદવારો સામે ફોજદારી ગુના નોંધાયેલા છે. ૧૫ ટકા ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

આ મુજબ ગુજરાતમાં ૯૨૩ ઉમેદવારોમાંથી ૧૩૭ (૧૫ ટકા) સામે ફોજદારી કેસો નોંધાયેલા છે, જેમાં ૭૮ ઉમેદવારો (૮ ટકા) સામે ખૂન, અપહરણ અને મહિલાઓ મામલેના ગુનાઓ નોંધાયેલા છે, મહેશ છોટુ વસાવા (ડેડીયાપાડા)ની સામે પીસી ધારા ૩૦૨ મુજબનો કે, ૮ ઉમેદવારો સામે ૩ આઈપીસી ૩૦૭ મુજબના કે, ૨ ઉમેદવારો સામે આઈપીસી ૩૭૬ મુજબનો કેસ જ્યારે ૧ સામે આઈપીસી ૫૦૯ મુજબનો ગુનો, ૩ ઉમેદવારો સામે આઈપીસી ૩૬૫ મુજબ અપહરણના ગુના નોંધાયેલા છે.

પક્ષ દીઠ ફોજદારી કેસમાં બીજેપીના ૮૯માંથી ૨૨ ઉમેદવારો, કોંગ્રેસના ૮૬માંથી ૩૧ ઉમેદવારો અને બીએસપીના ૬૦માંથી ૧૧ તેમજ એનસીપીના ૨૮માંથી ૪ ઉમેદવારો સામે ગુના નોંધાયેલા છે. આ બેઠકને અતિસંવેદનશિલ વિસ્તાર ગણાવ્યા છે.

## પત્નિ પીડીતોના પ્રતિનિધિ બનવા દશરથ દેવડા ચૂંટણી જંગમાં

અમદાવાદ, તા. ૧

અમદાવાદમાં એક અનોખો ખેલાડી રાજકારણમાં ઉતર્યો છે. આ ખેલાડી આમ તો અપક્ષ ચૂંટણી લડે છે પણ નાતો એ વિકાસના વાત કરે છે ના તો એ ભ્રષ્ટાચારની વાત કરે છે.

આ અનોખો ઉમેદવાર તમને પત્નીનો કકળાટથી બચાવવાની વાત કરી છે. અમદાવાદની નરોડા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. અપક્ષ ઉમેદવાર માટે મહિલાઓ દુશ્મન સમાન છે. એ કહે છે કે વિકાસ અને ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચાર કે શિક્ષણની વાત પછી પહેલા પતિ જો સુખી હશે તો બધાને ફાયદો થશે એટલે એમણે આ ચૂંટણીમાં પોતાનો એજન્ડા જ અલગ રાખ્યો છે એ કહે છે કે પતિ પત્ની માટે સમાન કાયદો હોવા જોઈએ. સરકારી કાયદા પુરૂષ વિરોધી છે, પુરૂષ તરફી કાયદા બનવા જોઈએ.

નરોડાથી અપક્ષ ચૂંટણી લડી રહેલા અપક્ષ ઉમેદવાર દશરથ દેવડા કહે છે કે જો એ ચૂંટાઈને આવશે તો વિધાનસભામાં પતિ માટે લડશે પત્ની પીડિત પતિઓની સમસ્યાને ઉજાગર કરશે. ઘરે ઘરે ફરીને એ પતિઓને વોટ કરવા સમજાવે છે.

દેવડા ભલે લોકોને આ પ્રકારે સમજાવતા હોય પણ એ જ્યાં વોટ માંગવા જાય છે ત્યાંથી ૮૦ ટકા ઘરમાં પત્નીઓ પતિને ઘાંટો પાડીને કહે છે કે ખબરદાર જો આને મત આપ્યો છે તો હું પિયર જતી રહીશ. પત્નિ તરફથી મળતી નારાજગી જોયાં પછી દેવડાના ગયા પછી કોઈ પતિ એને વોટ આપવા તૈયાર નથી.

## વડોદરાના અપક્ષ ઉમેદવાર ચંદ્રીકાબેનનું નિશાન બંગડી

અમદાવાદ, તા. ૧

વડોદરામાંથી પી.એમ. નરેન્દ્ર મોદીની મુલાકાત વખતે તેમની ઉપર બંગડીઓ ફેંકીને પ્રસિદ્ધિ મેળવનાર ચંદ્રીકાબેન સોલંકીએ વડોદરામાંથી અપક્ષ ઉમેદવાર તરકી ચૂંટણીનું ફોર્મ ભર્યુ છે. નવાઈની વાત એ છે કે ચંદ્રીકાબેનને તેમના નિશાન તરીકે બંગડીનું ચિન્હ મળ્યું છે. આ બાબતે જોગાનુજોગ છે કે ચંદ્રીકાબેને માંગ્યા પ્રમાણે ચૂંટણીનું ફોર્મ મળ્યુ છે. તે બાબત લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી આંગણવાડી કાર્યકરોનું આંદોલન ચાલી રહ્યુ છે. તેનું નેતૃત્વ ચંદ્રીકાબેન કરે છે. કાર્યકરોના પ્રશ્નો માટે અનેકવાર રજુઆત કરવા છતાં કોઈ ધાર્યુ પરીણામ ન મળતા અકળાઈ ઉઠેલા ચંદ્રીકાબેને પી.એમ. મોદીના યોજાયેલા રોડ શોમાં બંગડીઓ ફેંકી હતી. જેના કારણે પોલીસે તેની અટકાયત કરી હતી. ત્યાર બાદ કોંગ્રેસે ચંદ્રીકાબેન સોલંકીને તેમના ઉણેદવાર તરીકે લક્ષમાં લીધા હતા. પરંતુ છેલ્લી ઘડીએ ટીકીટ ન અપાતા ચંદ્રીકાબેને અપક્ષ તરીકે ઉતારી ઉમેદવારી નોંધાવી છે.

## વિકાસ જોવા રાહુલ ગાંધીને ઈટાલીના ચશ્મા ઉતારવા પડશે : અમિત શાહ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે સૌરાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે કોડીનારમાં જાહેર સભાને સંબોધી હતી. જેમાં તેમણે રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, ગુજરાતનો વિકાસ જોવા માટે રાહુલ ગાંધીને ઈટાલીના ચશ્મા ઉતારવા પડશે. કોડિનારથી અમિત શાહે કહ્યું હતું કે, અમેઠીમાં ૬૦ વર્ષથી ગાંધી પરિવારે કોઈ વિકાસ નથી કર્યો. અમેઠીમા તમે ૬૦ વર્ષથી સત્તા ભોગવી છે, તો વીજળી રસ્તા કેમ ન સુધાર્યા. અમેઠીમાંથી ૧૩,૬૦૦ લોકો ગૂજરાતમાં રોજીરોટી કમાવા આવ્યા છે. જે ગુજરાતમાં થવાનું છે તે આજે યુપીના પરિણામોમાં થયુ છે. રાહુલના આટાફેરા ગૂજરાતમા વધી ગયા છે. પણ રાહુલે વિકાસ જોવા માટે ઈટાલીના ચશ્મા ઉતારવા પડશે. રાહુલ બાબા તમને ગુજરાતનો વિકાસ નહી દેખાય.

અમિત શાહે ઈલેક્શન અંગે કહ્યું કે, કોંગ્રેસનાં સૂપડાં સાફ થશે. ભાજપ સરકાર આવ્યા પછી વિકાસ થયો છે.

કોંગ્રેસનાં શાસનમાં ગુજરાતમાં અંધારા હતા. કોંગ્રેસ જ્ઞાતિવાદનુ ઝેર ફેલાવી રહી છે. ભાજપ સરકાર આવ્યા પછી વિકાસ થયો. અમે કેન્દ્રમાં બોલતા પ્રધાનમંત્રી આપ્યા છે. કોંગ્રેસનાં શાસનમાં ૧૨ લાખ કરોડનો ગોટાળો થયો હતો. પણ સાડા ૩ વર્ષમાં ભાજપ પર કોઈ આરોપ નથી લાગ્યો. કોડીનારની સુગર મિલનું કામ ચૂંટણી બાદ પૂર્ણ થશે અને બંધ ફેક્ટરી ફરીથી ધમધમતી થશે તેવું અમિત શાહે કોડીનારવાસીઓને જણાવ્યું હતું. જાહેર સભા બાદ અમિત શાહ સોમનાથ મંદિરમાં દર્શન માટે પણ જશે. ત્યાર બાદ સાજે વેરાવળના ટાવર ચોક ખાતે જાહેરસભાને સંબોધશે.

## 'વોટ અમદાવાદ'ની થીમ સાથે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૧

આગામી ૧૪ ડિસેમ્બરના રોજ અમદાવાદ જિલ્લામાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ઉપલક્ષ્યમાં અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન અંગે જાગૃતિ લાવવા 'વોટ અમદાવાદ' ની થીમ સાથે મતદાન જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્રની રાહબરી હેઠળ યોજવામાં આવેલ આ મતદાન જાગૃતિ અભિયાનમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'વોટ અમદાવાદ'નું ફોર્મેશન રચી અમદાવાદના નગરજનોને વોટ આપવાનો સંદેશો આપવામાં આવ્યો હતો.

## પાટીદારોને મનાવી લેવા નિતિન પટેલને મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવવા હિલચાલ

અમદાવાદ, તા. ૧

ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં સભા કરી રહેલા નરેન્દ્ર મોદીને અંદાજ આવી ગયો છે કે ગ્રામીણ વિસ્તારમાં ભાજપની સ્થિતિ ખરાબ છે. તેમાં પણ છેલ્લા અઢી દાયકાથી ભાજપની ગણાતી પાટીદાર વોટ બેન્ક કોંગ્રેસ તરફ સરકી રહી છે. કોંગ્રેસ પાસે પણ પાટીદારને પોતાની તરફ આકર્ષી શકે તેવો કોઈ પાટીદાર ચહેરો નથી. પણ હાર્દિક પટેલને કારણે પાટીદારોનો અમુક હિસ્સો કોંગ્રેસ તરફ જાય તો કોંગ્રેસ મેદાન મારી શકે છે. આ સ્થિતિને સંભાળી લેવા ભાજપ દ્વારા એક વ્યુહ રચના ઘડી કાઢવામાં આવી છે. જેની જાહેરાત બે-ત્રણ દિવસમાં થાય તેવું વિશ્વસનીય સુત્રોનું કહેવું છે.

આનંદીબહેન પટેલને હટાવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે પાટીદારને જ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કારણ કે ગુજરાતના



રાજકારણમાં પાટીદાર મતોની સંખ્યા ૧૪ ટકા છે. પણ કોઈ અગમ્ય કારણસર છેલ્લી ઘડીએ નીતિન પટેલના સ્થાને વિજય રૂપાણીને મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મોદીના છેલ્લા ચૂંટણી પ્રવાસમાં તેમને અંદાજ આવી ગયો કે પાટીદારોને સાથે રાખ્યા વગર ચાલે તેમ નથી. જેના કારણે તેમણે પાલીતાણાની સભામાં માનગઢનો ઉલ્લેખ કરી પાટીદારોને પોતાની સાથે લેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તેમાં પાછળથી ભાંગરો વટાઈ ગયો હોવાનું ભાજપ પોતે પણ માની રહ્યું છે.

કોંગ્રેસ તરફ સરકી રહેલી પાટીદાર વોટ બેન્કને અંકે કરવા નરેન્દ્ર મોદી ગુજરાતના ભાવી મુખ્યમંત્રી તરીકે નીતિન પટેલને જાહેર કરે તેવી સંભાવના હોવાનું ભાજપી સુત્રોએ જણાવ્યું છે. નીતિન પટેલને ભાવી મુખ્યમંત્રી જાહેર કરે તો પાટીદારો અને ઉત્તર ગુજરાત બન્ને સચવાઈ જાય તેવુ તેમનું ગણિત છે. જો કે અગાઉ અમિત શાહ જાહેર કરી ચુક્યા છે કે વિજય રૂપાણી જ તેમના ભાવી મુખ્યમંત્રી રહેશે. પણ હવે પાટીદારનું નામ જાહેર કર્યા સિવાય ભાજપને છુટકો રહ્યો નથી. આ ઉપરાંત નીતિન પટેલ, આનંદીબહેન જુથના છે તેના કારણે આનંદીબહેન પણ સચવાઈ જાય તેવી સંભાવના છે.

# ગુજરાતના પાટીદાર મતોમાં ૨૭ વર્ષ પછી ભાગલા પડશે, ભાજપનો OBC તરફ ઝૂકાવ

ગુજરાતમાં વિકાસની વાતો દૂર થઇ છે અને હવે જ્ઞાતિવાદે જોર પકડ્યું છે ત્યારે વિવિધ જ્ઞાતિઓ બન્ને તરફ વહેંચાઇ ગઇ છે. ભાજપનો વધુ ઝોક ઓબીસી મતદારો પર છે, કારણ કે ગુજરાતમાં તે વિશાળ

### ભાજપના મિશન -૧૫૦ પ્લસ માટે સૌથી મોટો જુગાર ખેલાયો છે

સંખ્યામાં પથરાયેલો છે. જો કે પાટીદારોનું પ્રભુત્વ છે તેવી ૪૮ બેઠકોમાં ભાજપ સેફસાઈડ ચાલે છે પરંતુ પાટીદાર મતદારોમાં ભાજપને ૩૦ ટકાથી વધુ નુકશાન નથી તેવું દેખાઇ રહ્યું છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં પાટીદારોના મતોનું વિભાજન થવાનું છે. આદિવાસી જનતા બન્ને પક્ષે છે. ક્ષત્રિયોના મતો કોઇ એક પાર્ટીને મળ્યા નથી. મુસ્લિમોના મતોનું કોઇ ઠેકાણું નથી. બ્રાહ્મણોના મતો કલ્પી ન શકાય તેવી દિશા બદલે છે જ્યારે દલિત મતો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને જોઇને આપવામાં આવે છે. આ સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતમાં ૨૭ વર્ષમાં પહેલીવાર પાટીદાર મતોમાં વિભાજન દેખાઇ રહ્યું છે.

અમે રાજકારણમાં જ્ઞાતિવાદ જોતાં નથી તેવો ભાજપનો દાવો છે પરંતુ સંગઠન અને સરકારની કેબિનેટમાં હંમેશા જ્ઞાતિવાર બેલેન્સ કરવામાં આવે છે. મતદારોને આકર્ષવા માટે જ્ઞાતિઓના મેળાવળા કરવામાં આવે છે. વિધાનસભા મતવિસ્તારમાં જ્ઞાતિઓના જોર પ્રમાણે ઉમેદવારો ઉભા રાખવામાં આવે છે. ભૂતકાળમાં માધવસિંહ સોલંકીએ ખામ- ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ- થિયરી અપનાવી હતી. ચીમનભાઇ પટેલે બક્ષીપંચની જ્ઞાતિઓને આગળ કરી હતી. અમરસિંહ ચૌધરીનો ઝૂકાવ આદિવાસી મતદારો પર વધારે હતો.

૧૯૬૦માં ગુજરાતની પહેલી વિધાનસભાની ચૂંટણી થી લઇને ૨૦૧૨ની વિધાસભાની છેલ્લી ચૂંટણી સુધી જ્ઞાતિવાદને જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ૧૯૯૫માં ભાજપની સરકાર બની ત્યારે એવું કહેવાતું હતું કે આ પટેલોની સરકાર છે. ભાજપ એટલે પટેલોની પાર્ટી એવું કોંગ્રેસના નેતાઓ કહેતા હતા. માધવસિંહ સોલંકીના શાસનમાં જ પાટીદારો કોંગ્રેસની વિમુખ બની ચૂક્યા હતા અને વિકલ્પ શોધતા હતા જે વિકલ્પ પાટીદારોને ૧૯૯૦ની ચૂંટણીમાં મળ્યો હતો પરંતુ પાટીદારો ચીમનભાઇ પટેલના જનતાદળ અને ભાજપના કેશુભાઇ પટેલ વચ્ચે વહેંચાઇ ગયા હતા તેથી ભાજપને સફળતા મળી શકી ન હતી.




૨૦૦૨ની ચૂંટણીમાં મોદીએ પાટીદારોની સાથે અન્ય સમાજો અને જ્ઞાતિઓમાં નજર દોડાવી હતી. જો કે આ ચૂંટણીમાં મોદીને રાજકીય ફાયદો વધારે મળ્યો હોય તો તેમાં ગોધરાકાંડની અસર વધારે હતી પરંતુ ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીએ ભાજપની પટેલોની પાર્ટીની છાપ ભૂંસી નાંખી હતી. તેમણે ઓબીસીને વધારે મહત્વ આપ્યું હતું પરિણામ સ્વરૂપ ભાજપને ઓબીસી મતદારોએ ઝોળી છલકાવી દીધી હતી. આ સમયમાં કોંગ્રેસની રહીસહી ઓબીસી અને આદિવાસી વોટબેન્ક સાફ થઇ ગઇ હતી. ૨૦૧૨માં તો મોદી પાસે મુસ્લિમ મતદારો પણ આવી ગયા હતા.

ભાજપને છેલ્લી ત્રણ ચૂંટણીમાં એવું માન્યું હતું કે પાટીદારો પાસે તો કોઇ વિકલ્પ નથી, તેઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જવાના નથી તેથી

### કોંગ્રેસે સંપૂર્ણપણે જ્ઞાતિ આધારિત ઉમેદવારો સેટ કર્યા છે

મોદીએ અન્ય જ્ઞાતિઓને સરકાર અને સંગઠનમાં વધારે મહત્વ આપ્યું હતું જેનું પરિણામ આપણી સામે છે. ૨૦૧૨ પછી મોદીનો દલિત પ્રેમ પણ વધતો ગયો હતો. આદિવાસી યોજનાઓ પર વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. મોદીએ ૨૦૧૪માં ગુજરાતની ગાદી છોડ્યા પછી તેમના અનુગામી તરીકે આવેલા આનંદીબહેન પટેલના શાસનમાં યુવા પાટીદારોએ અનામત મેળવવા જે તોફાન કર્યું તેનું ગુજરાત સાક્ષી છે. હાર્દિક પટેલના ગોડફાધર કોણ હતા તે ગુજરાતની જનતાને ખબર છે. સત્તાની સાઠમારીમાં આનંદીબહેન પટેલની સરકાર પાર્ટીના કેટલાક નેતાઓને ખૂંચતી હતી તેથી હાર્દિકને મહોરૂં બનાવીને મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો.

કહેવાય છે કે હાર્દિક પટેલનો ભાજપના એક ગ્રુપે જેટલો ફાયદો ઉઠાવ્યો છે તેટલો ફાયદો બીજી કોઇ પાર્ટીએ લીધો નથી. હાર્દિક પટેલ સાથે અનેક સમાધાનના પ્રયાસો થયા હતા પરંતુ સરકાર તેની સાથે સમાધાન કરી શકી નહીં. આજે હવે આ હાર્દિક પટેલ ભાજપની વિરૂદ્ધમાં જાહેરમાં બોલે છે ત્યારે ભાજપના નેતાઓને તે કોંગ્રેસનો એજન્ટ લાગે છે. હકીકતમાં હાર્દિક પહેલાં ભાજપના એક ગ્રુપનો હતો આજે તે ભાજપ સાથે નથી. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે હાર્દિકને કોંગ્રેસનો એજન્ટ કહ્યો છે જેથી તે વધારે છંછેડાયો છે. હાર્દિકના ઈસ્યુને બાજૂએ રાખીએ તો પણ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર મતદારોમાં ૧૯૯૦ પછી ફરી એકવાર બે ભાગ પડી શકવાની સંભાવના નકારી શકાતી નથી.

પાટીદારો ભાજપને માને છે પરંતુ આ પાટીદારો મધ્ય ગુજરાતના છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પાટીદારો બે ભાગમાં વહેંચાઇ ચૂક્યાં છે અને એટલે જ પટેલ મતદારોની કમી પૂરવા માટે અમિત શાહે ગુજરાત વિધાનસભામાં તેમના છેલ્લા પ્રવચનમાં કહ્યું છે કે- આ સરકાર ઓબીસીને પણ સાથે રાખીને ચાલશે. ભાજપના આ બક્ષીપંચ પ્રેમ સમજી શકાય તેવો છે. આદિવાસી મતોમાં પણ આ વખતે ભાગલા છે તેથી ભાજપ અને તેની સરકાર આદિવાસી વિસ્તારોમાં વધારે યાત્રા કાઢી રહી છે.

ભાજપ પાસે બી-ટીમ તરીકે શંકરસિંહ વાઘેલા હતા પરંતુ તેઓ ગાજ્યા તેટલા વરસ્યા નહીં તેથી પાર્ટી અધ્યક્ષ અમિત શાહે અપક્ષો અને કોંગ્રેસના જિલ્લા તેમજ તાલુકા કક્ષાના આગેવાનો પર નજર દોડાવી છે. તેઓ જ્ઞાતિવાર સોગઠાં ગોઠવી રહ્યાં છે અને કોંગ્રેસને ગુજરાત મુક્ત કરાવવાના પ્લાનમાં કોંગ્રેસને ભાજપ યુક્ત બનાવી રહ્યાં છે. જો કે ભાજપના પાયાના કાર્યકરો આ અભિયાનથી ખૂબ જ નારાજ છે તેથી તેઓ ચૂંટણીમાં નિષ્ક્રિય બને તેવી સંભાવના છે.

### રાજ્યની ૧૮૨ પૈકી ૬૦ બેઠકોમાં પટેલપાવર, આદિવાસી બન્ને પક્ષે છે